# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૨/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં ભારત સરકારના એમએસએમઈના જોઈન્ટ સેક્રેટરી સાથે ઉદ્યોગકારોનું ઈન્ટરેકટીવ સેશન

## એમએસએમઈની એક્ષ્ટેન્શન ઓફિસ તથા ટેકનોલોજીકલ સેન્ટરની સુરતમાં ફાળવણી કરવામાં આવે તેવી ચેમ્બર દ્વારા માંગ કરાઈ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે આજરોજ ભારત સરકારના એમએસએમઇ વિભાગના જોઇન્ટ સેક્રેટરી શ્રી સુધીર ગર્ગ (આઇએએસ) સાથે ઉદ્યોગકારોનું ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઉદ્યોગકારોએ એમએસએમઇને લગતા ઉદ્યોગો તથા સરકારની વિવિધ સ્કીમ અંગે રજુઆતો કરી હતી. સાથે જ ચેમ્બર દ્વારા એમએસએમઇની એક્ષ્ટેન્શન ઓફિસ તથા ટેકનોલોજીકલ સેન્ટર સુરતમાં ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે દેશભરમાં ગુજરાત એમએસએમઇ હબ તરીકે ઓળખાય છે. એમાંય દક્ષિણ ગુજરાતમાં ૪૨ ટકા લઘુ અને મધ્યમ ઉદ્યોગો સ્થપાયેલા છે. એવા સંજોગોમાં ઉદ્યોગકારોને રજુઆતો માટે અમદાવાદ સુધી એમએસએમઇની ઓફિસ ખાતે ધકકો ખાવો નહીં પડે તે માટે એમએસએમઇની એક્ષ્ટેન્શન ઓફિસ સુરતમાં ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી.

શ્રી સુધીર ગર્ગએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યુ હતુ કે, સરકાર લઘુ અને મધ્યમ ઉદ્યોગોના અપગ્રેડેશન માટે દેશભરમાં ૧૨૦ જેટલા ટેકનોલોજીકલ સેન્ટર બનાવવા જઇ રહી છે. આ સેન્ટરોમાંથી એક મોટું સેન્ટર હશે અને અન્ય જિલ્લાઓમાં સેટેલાઇટ સેન્ટરો હશે. તેમણે કહ્યુ કે મહારાષ્ટ્રમાં ઇન્ડસ્ટ્રી ઇન્સ્ટીટયુટ લીન્કેજ ચાલુ કરવામાં આવ્યો છે. જેમાં મહારાષ્ટ્રની ૨૨ કોલેજોના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ

વિદ્યાર્થીઓ ટેકનોલોજી અને અપગ્રેડેશન પ્રોસેસમાં ફાળો આપી રહયા છે અને ઘણાના આઇપીઆર રજિસ્ટર્ડ થયા છે. આમાંથી કેટલાકને સ્ટાર્ટઅપ ચાલુ કરવાની સફળતા મળી છે. આખા ભારતમાં આવી પહેલના અમલ માટે સરકાર વિચારી રહી છે.

આ અંગે ચેમ્બરના પ્રમુખશ્રીએ સુરતમાં ટેકનોલોજીકલ સેન્ટર ફાળવવાની પણ માંગ શ્રી ગર્ગ સમક્ષ કરી હતી.

બેઠકમાં ઉદ્યોગપતિઓએ એમએસએમઇ ડીઆર એકટ અને એમએસએમઇ રજિસ્ટ્રેશન વિશે જોઇન્ટ સેક્રેટરી સાથે ચર્ચા કરી હતી. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટેની સબસિડીની સ્કીમ અને સોલર સ્કીમને લઇને રજુઆતો થઇ હતી.

અંતે ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.